## ધી અર્બન હેલ્થ સોસાયટી, વડોદરા
## એન.એચ.એમ પ્રોગ્રામ
## વડોદરા મહાનગરપાલિકા

www.vmc.gov.in

### ભરતી અંગેની જાહેરાત

વડોદરા મહાનગરપાલિકામાં અર્બન હેલ્થ ક્લીનીક ખાતે ૧૧ માસનાં કરાર આધારીત તદન હંગામી ધોરણે નીચે જણાવેલ જગ્યાએ ભરતી કરવા માટે માત્ર ઓનલાઇન અરજીઓ મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારે www.vmc.gov.in વેબસાઇટ પર તા.૨૮/03/૨૦૨૦ (00.0૧કલાક) થી તા. ૩૧/03/૨૦૨૦ (૨૩.૫૯ કલાક) સુધીમાં ઓનલાઇન અરજીઓ કરવાની રહેશે.

| ક્રમ | જગ્યાનું નામ | કુલ જગ્યા |
|---|---|---|
| ૧ | મેડીકલ ઓફિસર(MBBS) સ્થાનિક પ્રાઇવેટ પ્રેક્ટીસ કરતા તબીબને પ્રાથમિકતા આપવાની રહેશે. | ૫૬ |
| ૨ | પેરા મેડીકલ સપોર્ટીંગ સ્ટાફ(ANM/GNM/MPHW) | ૫૬ |

(૧) કોઇપણ સંજોગોમાં ટપાલ કે રૂબરૂ અરજી સ્વીકારવામાં આવશે નહી. ફક્ત ઓનલાઇન જ અરજી કરવાની રહેશે. (૨) આ જગ્યાઓની શૈક્ષણિક લાયકાત , પગાર ધોરણ તેમજ અન્ય માહિતિઓ વડોદરા મહાનગરપાલિકાની વેબસાઇટ www.vmc.gov.in પરથી મેળવવાની રહેશે.

નોંધઃ- ઉપરોક્ત જગા ઉપરાંત ભવિષ્યમાં ખાલી પડનાર કે નવી મંજુર જગા ભરવા માટે ઉપર મુજબની કેડર ઉપરાંત બીજી અન્ય કેડર માટે પણ ૨ વર્ષ સુધીની પ્રતિક્ષા યાદી તૈયાર કરવામાં આવશે.

મ્યુનિસિપલ કમિશનર
વડોદરા મહાનગરપાલિકા

પી.આર.ઓ. નં ૯૩૮/૧૯-૨૦

## ધી અર્બન હેલ્થ સોસાયટી, વડોદરા
## એન.એચ.એમ પ્રોગ્રામ
## વડોદરા મહાનગરપાલિકા

### સીધી ભરતી માટેની જાહેરાત
### (જાહેરાત ક્રમાંકઃ ૯૩૮/૨૦૧૯-૨૦)

| ક્રમ | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા |
|---|---|---|
| ૧ | મેડીકલ ઓફિસર(MBBS) | ૫૬ |
| ૨ | પેરા મેડીકલ સપોર્ટીંગ સ્ટાફ(ANM/GNM/MPHW) | ૫૬ |

1. શૈક્ષણિક લાયકાત અને અનુભવઃ

    1. મેડીકલ ઓફિસર :- એમ.બી.બી.એસ., ગુજરાત મેડીકલ કાઉન્સીલમાં રજીસ્ટ્રેશન કરાવેલ હોવુ જરૂરી છે. સ્થાનિક પ્રાઇવેટ પ્રેક્ટીસ કરતા તબીબને પ્રાથમિકતા આપવાની રહેશે
    2. પેરા મેડીકલ સપોર્ટીંગ સ્ટાફ :- ૧. ANM - ઇન્ડિયન નર્સિંગ કાઉન્સીલ દ્વારા માન્ય સંસ્થામાંથી બેઝીક ANM કોર્સ કરેલ હોવો જોઇએ. ગુજરાત નર્સિંગ કાઉન્સિલમાં રજીસ્ટ્રેશન કરેલ હોવુ જરૂરી છે. ૨. GNM - ઇન્ડિયન નર્સિંગ કાઉન્સીલ દ્વારા માન્ય સંસ્થામાંથી BSC (Nursing) નો કોર્સ કરેલ હોવો જોઇએ. ગુજરાત નર્સિંગ કાઉન્સિલમાં રજીસ્ટ્રેશન કરેલ હોવુ જરૂરી છે. અથવા ઉમેદવારે ઇન્ડિયન નર્સિંગ કાઉન્સીલ દ્વારા માન્ય સંસ્થામાંથી જનરલ નર્સિંગ ડિપ્લોમા અને મિડવાઇફરી સાથે પાસ કરેલ હોવો જોઇએ. 3. MPHW- સરકાર માન્ય સંસ્થામાંથી એમ.પી.એચ.ડબલ્યુ. તાલીમ કોર્ષ અથવા નર્સિંગમાં ડીપ્લોમા કરેલ હોવું જોઇએ અથવા માન્ય સેનેટરી ઇન્સ્પેક્ટરનો કોર્ષ કરેલો હોવો જોઇએ

2. પગાર ધોરણઃ

1. મેડીકલ ઓફિસર :- રૂ.૩૦,૦૦૦/- માસિક ફિક્સ પગાર
2. પેરા મેડીકલ સપોર્ટીંગ સ્ટાફ :- રૂ.૧૦,૦૦૦/- માસિક ફિક્સ પગાર

3. <u>કરારનો સમયગાળો:</u>

   ૧૧ માસના કરાર આધારીત

4. <u>ઓપીડી સમયગાળો:</u>

   ઓપીડી નો સમય દૈનિક સાંજે ૫ થી ૯ વાગ્યા સુધીનો રહેશે.

## <u>જાહેરાતની સામાન્ય જોગવાઇઓ:</u>

a. ઉપર જણાવેલ જગ્યા માટે ઉમેદવારી કરતાં પહેલાં ઉમેદવારે પોતે જરૂરી પાત્રતા ધરાવે છે કે નહીં તેની ખાત્રી કરવી.

b. રસ ધરાવતા ઉમેદવારોએ તા. ૨૮/03/૨૦૨૦ (૦૦-૦૧ કલાક) થી તા. ૩૧/03/૨૦૨૦(૨૩-૫૯ કલાક) દરમ્યાન www.vmc.gov.in વેબસાઇટ પર ઓનલાઇન અરજી કરવાની રહેશે. જે અંગે ભરતીને લગત માહિતી તેમજ સુચનાઓ www.vmc.gov.in ઉપર પ્રાપ્ત છે.

c. <u>શૈક્ષણિક માહીતી:</u> દરેક પોસ્ટ માટેની શૈક્ષણિક માહીતી જો સામેલ education qualification details મા ના હોય તો OTHER1 અને કોમ્પુટર કોર્ષ ની માહીતી OTHER2 માં ભરવી.

d. ઉમેદવારે નિયત અરજી પત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવાઓ કચેરી દ્વારા માંગવામાં આવે ત્યારે અસલમાં રજુ કરવાના રહેશે અન્યથા અરજીપત્રક જે તે તબકકે રદ ગણવામાં આવશે.

e. ઉમેદવારે સરકાર માન્ય સંસ્થામાંથી જગ્યાને અનુરૂપ CCC+/CCC લેવલનો કોમ્પ્યુટર કોર્ષ અવશ્ય પાસ કરેલ હોવો જોઇએ.

f. ભરતી પ્રક્રિયા દરમ્યાન જો કોઇ ઉમેદવાર દ્વારા સીધી અથવા આડકતરી રીતે રાજકીય કે અન્ય કોઇ રીતે ભલામણના પ્રયાસ કરનાર ઉમેદવાર ગેરલાયક ઠરશે.

g. ઉમેદવારે અરજી પત્રકમાં કોઇ પણ વિગત ખોટી બતાવેલ હશે અને તે ધ્યાનમાં આવશે તો તેનું અરજીપત્રક/નિમણુંક કોઇ પણ તબકકે રદ કરવામાં આવશે.

h. આ જાહેરાત કોઇ પણ કારણસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો સંપૂર્ણ હક/અધિકાર મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વડોદરા ને રહેશે.

i. ઉમેદવારને ઓનલાઇન અરજી કર્યા બાદ જાહેરાત સંબંધી અન્ય કોઇ સુચના માટે www.vmc.gov.in વેબસાઇટ સતત જોતા રહેવા અનુરોધ છે.

તા. ૨૭/03/૨૦૨૦

.

મ્યુનિસિપલ કમિશ્નર
મહાનગરપાલિકા, વડોદરા